તાત્કાલિક/સમય મર્યાદા

ક્રમાંક: પરચ/૧૨૨૦૧૩/૧૦૦૫/વ.૨
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૧૦-૯-૨૦૧૪.

પ્રતિ,
૧. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૩. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, બ્લોક નં.૧૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૪. કમિશ્નરશ્રી, તાંત્રિક શિક્ષણ, બ્લોક નં.૨, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૫. અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેકટર નં.૧૦/બી, ગાંધીનગર.

વિષય : ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૪ અંતર્ગત સેવાઓ તથા તેની સમયમર્યાદા નક્કી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૮-૨૦૧૪ના પત્ર ક્ર:નઅપ-૧૦૨૦૧૩-૫૮૯(૧૦)-વસુતાપ્ર-૧ની નકલ તેના બિડાણસહ આ સાથે મોકલતાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ ની કલમ-૪ અંતર્ગત આપની કચેરી તરફથી જાહેર જનતાને પુરી પાડવામાં આવતી સેવાઓની યાદી જે અગાઉ આપના તરફથીઆ વિભાગને મોકલવામાં આવેલ તે પૈકી નીચે દર્શાવ્યા મુજબની સેવાઓ તેની સામે દર્શાવવામાં આવેલ સમય મર્યાદામાં પુરી પાડવાની જોગવાઇ કરવા અંગે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સરકારશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.

## (૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ

| ક્રમ | વિભાગોએ મોકલેલ સેવાઓ | | વસુતાપ્રના સુચનો | |
|---|---|---|---|---|
| | સેવાનુ નામ | સમયમર્યાદા | આ સેવા હાલ જાહેર કરવી છે? હા/ના | સેવા પુરી પાડવાની સમય મર્યાદા |
| ૧ | બાળકનો શાળામાં પ્રવેશ | ૧ દિવસ | હા | ૧ દિવસ |
| ૨ | વયકક્ષામુજબ પ્રવેશ | ૧ દિવસ | હા | ૧ દિવસ |
| ૩ | શાળા છોડ્યાનુ પ્રમાણ પત્ર | ૧ દિવસ | હા | ૧ દિવસ |

આપે મોકલેલ યાદી પૈકી ક્રમ : (૪) થી (૧૨) ઉપરની સેવાઓ વહીવટી બાબત હોવાથી તેનો સમાવેશ કરેલ નથી.

## (૨) કમિશનર શાળાઓની કચેરી

| ક્રમ | વિભાગોએ મોકલેલ સેવાઓ | | વસુતાપ્રના સુચનો | |
|---|---|---|---|---|
| | સેવાનુ નામ | સમયમર્યાદા | આ સેવા હાલ જાહેર કરવી છે? હા/ના | સેવા પુરી પાડવાની સમય મર્યાદા |
| ૧ | વિદ્યાર્થી પ્રવેશ બાબત | ફોર્મ ભર્યા પછી ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૨ | અન્ય રાજયમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત | ૧૫ દિવસ | હા | ૭ દિવસ |

જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી
રાજકોટ
આ. નં. ૭૦૧-૩

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | અન્ય રાજ્યમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રમાં પ્રતિહસ્તાક્ષર | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૪ | અન્ય રાજયમાંથી પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રમાં સમકક્ષતા હસ્તાક્ષર | ૧૦ દિવસ | હા | ૭ દિવસ |
| ૫ | સામાન્ય રજીસ્ટરમાં વિદ્યાર્થી નોંધમાં ફેરફાર (નામ/અટક/જન્મતારીખમાં ફેરફાર) | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૬ | વિદ્યાર્થીઓને શાળા છોડ્યાનુ પ્રમાણ પત્ર | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૭ | વિદ્યાર્થીઓને ગુણપત્રક આપવા બાબત | ૧ દિવસ | હા | ૧ દિવસ |
| ૮ | વિદ્યાર્થીઓનેટ્રાયલ સર્ટિફિકેટ/વર્તણુક પ્રમાણપત્ર આપવા બાબત. | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૯ | વિદ્યાર્થીઓને ક્રેડીટ સર્ટિફિકેટ આપવા બાબત | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૧૧ | વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવવા બાબત | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૧૨ | અનુદાનિત લઘુમતિ શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે એન.ઓ.સી | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |
| ૧૪ | વિદ્યાદીપ યોજના અન્વયે અકસ્માતથી મૃત્યુ પામેલ વિદ્યાર્થીને આર્થિક સહાય | ૧૦ દિવસ | હા | ૧૦ દિવસ |
| ૧૫ | વિદ્યાર્થીઓની હાજરીમાં તુટ અંગે | ૧૦ દિવસ | હા | ૧૦ દિવસ |

આપે મોકલેલ યાદી પૈકી ક્રમ : ૧૦ અને ૧૩ ઉપરની સેવાઓ વહીવટી બાબત હોવાથી તેનો સમાવેશ કરેલ નથી.

## (૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

| ક્રમ | વિભાગોએ મોકલેલ સેવાઓ | | વસ્તુતાપ્રના સુચનો | |
|---|---|---|---|---|
| | સેવાનુ નામ | સમયમર્યાદા | આ સેવા હાલ જાહેર કરવી છે ? હા/ના | સેવા પુરી પાડવાના સમય મર્યાદા |
| ૧ | ગુણપત્રકની ખરાઇ (રૂબરૂ)માં કરવી હોય તેવા | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૨ | ગુણપત્રકની ખરાઇ ટપાલથી | ૭ દિવસમાં | હા | ૭ દિવસ |
| ૩ | પ્રમાણપત્રની ખરાઇ (રૂબરૂ) બોર્ડ તરફથી આપવામાં આવેલ હોય તેવા. | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૪ | પ્રમાણપત્રની ખરાઇ ટપાલથી | ૭ દિવસમાં | હા | ૭ દિવસ |
| ૫ | ગુણપત્રક/પ્રમાણપત્રની મુળપ્રત પર કાઉન્ટર સાઇન | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૬ | ડુપ્લીકેટ ગુણપત્ર(રૂબરૂ) | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૭ | ડુપ્લીકેટ ગુણપત્ર ટપાલથી | ૭ દિવસમાં | હા | ૭ દિવસ |
| ૮ | ડુપ્લીકેટ પ્રમાણપત્ર (રૂબરૂ) | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૯ | ડુપ્લીકેટ પ્રમાણપત્ર ટપાલથી | ૭ દિવસમાં | હા | ૭ દિવસ |
| ૧૦ | માઇગ્રેશન સર્ટિફિકેટ (રૂબરૂ) | જે તે દિવસે | હા | ૧ દિવસ |
| ૧૧ | માઇગ્રેશન સર્ટિફિકેટ ટપાલથી | ૭ દિવસમાં | હા | ૭ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | પ્રમાણપત્ર(પ્રવેશ યોગ્યતા, સાક્ષરતા ) | તમામ આધારો સાથેની અરજી મળ્યેથી ૨ દિવસમાં | હા | ૨ દિવસ |
| ૧૩ | ધોરણ-૧૧ પછી અન્ય શાખામાં જતા વિદ્યાર્થીઓ માટે માઇગ્રેશન સર્ટિફીકેટ | તમામ આધારો સાથેની અરજી મળ્યેથી ૨ દિવસમાં | હા | ૨ દિવસ |
| ૧૫ | બીજા નવબ ધોરણો અને વધારાના ધોરણોની અરજીઓ | તમામ આધારો સાથેની અરજી મળ્યેથી ૨ દિવસમાં | | ૨ દિવસ |
| ૧૭ | શાળાના નામ બદલવા અંગેની અરજીઓ | ફી મેળવ્યા બાદ ૧૫ દિવસમાં | | ૧૫ દિવસ |

આપે મોકલેલ યાદી પૈકી ક્રમ . ૧૪ અને ૧૬ ઉપરની સેવાઓ વહીવટી બાબત હોવાથી તેનો સમાવેશ કરેલ નથી.

## (૪) કમિશનરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી

| ક્રમ | વિભાગોએ મોકલેલ સેવાઓ | | વસ્તુતાપ્રના સુચનો | |
|---|---|---|---|---|
| | સેવાનુ નામ | સમયમર્યાદા | આ સેવા હાલ જાહેર કરવી છે? હા/ના | સેવા પુરી પાડવાની સમય મર્યાદા |
| ૧ | બોનોફાઇડ/ કેરેક્ટર સર્ટિફિકેટ | ૩ દિવસ | હા | ૩ દિવસ |
| ૨ | માઇગ્રેશન/ટ્રાન્સફર સર્ટીફિકેટ | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૩ | સંસ્થા બદલી | ૧૦ દિવસ | હા | ૧૦ દિવસ |
| ૪ | **રેલ્વે / એસ.ટી. માટે કન્શેશન પાસ** | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૫ | ઓળખ પત્ર | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૬ | સ્કોલરશીપ માટેની અરજી | ૨૦ દિવસ | હા | ૨૦ દિવસ |
| ૭ | યુનિવર્સિટીની પરીક્ષાની માર્કશીટ વહેંચણી | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૮ | યુનિવર્સિટીની માર્કશીટ / સર્ટિફિકેટમાં સુધારો કરવા બાબત. | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૯ | યુનિવર્સિટીની પરીક્ષામાં રીચેકીંગ /રી એસેસમેન્ટ કરાવવા બાબત. | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૧૦ | રેગીંગ /વુમન સેલની ફરીયાદ | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |
| ૧૧ | અનુસ્નાતક અભ્યાસક્રમ માટે સ્ટાઇપેન્ડ | ૨૦દિવસ | હા | ૨૦ દિવસ |
| ૧૨ | ફિ રિફંડ | ૧૦ દિવસ | હા | ૧૦ દિવસ |
| ૧૪ | હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા બાબત. | ૭ દિવસ | હા | ૭ દિવસ |
| ૧૫ | હોસ્ટેલની પ્રાથમિક સુવિધા બાબતની ફરીયાદ | ૨૦દિવસ | હા | ૨૦ દિવસ |
| ૧૬ | એકેડેમિક વેરીફિકેશન | ૧૦ દિવસ | હા | ૧૦ દિવસ |
| ૧૮ | પ્રવેશના ફોર્મનું વેચાણ અને સ્વીકાર | ૧૫ દિવસ | હા | ૧૫ દિવસ |
| ૨૦ | પ્રવેશ પ્રક્રિયા | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | પ્રવેશ રદની અરજી | ૫ દિવસ | હા | ૫ દિવસ |
| ૨૩ | ફાર્મસી કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની માન્યતા માટેની દરખાસ્ત મોકલવા અંગે. | ૪૫ દિવસ | હા | ૪૫ દિવસ |
| ૨૪ | પ્રવેશ ક્ષમતામાં ફેરફાર કરવા/સંસ્થાનું નામ બદલવા/સંસ્થાને કો-એજ્યુકેશનમાં ફેરવવા | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |
| ૨૫ | સંસ્થા કે અભ્યાસક્રમ બંધ કરવા | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |
| ૨૬ | સ્ટાફ અને વિદ્યાર્થીને લગતી બાબત. | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |
| ૨૭ | શૈક્ષણિક પ્રવાસની મંજૂરી | ૧૫ દિવસ | હા | ૧૫ દિવસ |
| ૨૮ | વીર કિનારીવાલા વિમા યોજના અંગે અરજી મોકલવા બાબતે | ૧૫ દિવસ | હા | ૧૫ દિવસ |
| ૨૯ | વિદ્યાર્થીની બદલી અંગે | ૨૧૦ દિવસ | હા | ૨૧૦ દિવસ |

આપે મોકલેલ યાદી પૈકી ક્રમ : ૧૩ અને ૧૭ ઉપરની સેવાઓ વહીવટી બાબત હોવાથી તેનો સમાવેશ કરેલ નથી.

**(૫) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,**

| ક્રમ | વિભાગોએ મોકલેલ સેવાઓ | | વસુતાપ્રના સુચનો | |
|---|---|---|---|---|
| | સેવાનુ નામ | સમયમર્યાદા | આ સેવા હાલ જાહેર કરવી છે? હા/ના | સેવા પુરી પાડવાની સમય મર્યાદા |
| ૧ | ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃતિ એવોર્ડ તથા રીન્યુઅલ | નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૩ માસ | હા | નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ ત્રણ માસ |
| ૨ | અન્ય મેરીટને ધોરણે આપવાપાત્ર તમામ શિષ્યવૃતિ | નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૩ માસ | હા | નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ ત્રણ માસ |
| ૩ | વિદ્યાર્થીઓ તરફથી મળતી તમામ સ્કોલરશીપ ની ફરીયાદ | નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ૩ માસ | હા | નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ ત્રણ માસ |
| ૪ | શહિદ વીર કિનારીવાલા વિદ્યાર્થી જૂથ વિમા યોજના હેઠળ કેશો મંજૂરી અર્થે વિમા નિયામકશ્રીને મોકલવા | ૩૦ દિવસ | હા | ૩૦ દિવસ |

૨.	વધુમાં જણાવવાનું કે, સરકારશ્રીએ મંજુર કરેલ ઉપરોકત સેવાઓ બાબતે ઉકત અધિનિયમની કલમ-૪ હેઠળ સરકારશ્રીએ જાહેરનામુ પાડવાનું થાય છે અને તે તારીખથી ૬૦ દિવસમાં સેવાઓ પુરી પાડવા સબંધમાં જવાબદાર અધિકારી ફરિયાદ નિવારણ અધિકારી તથા મુકરર સત્તાધિકારીના નામ, સરનામા, સંપર્ક નંબર, ઇ-મેઇલ એડ્રેસ વિગેરે પ્રસિધ્ધ કરવાની થાય છે, તો ઉપરોકત પૈકી આપની કચેરીને સબંધીત સેવાઓ માટેની આવી માહિતી સામાન્ય વહીવટ વિભાગના પત્રના ફકરા- ૩ અને ૪ માં જણાવ્યાનુસાર હાર્ડ કોપી ૫ નકલમાં અને સોફટ કોપીમાં અત્રે દિન-૫માં મોકલી આપવા વિનંતી છે. તેમજ તા. ૦૧-૦૯-૨૦૧૪ની કાર્યવાહીનોંધમાં જણાવ્યાનુસાર મુદ્દાનં. ૧ થી ૪ બાબતે જરુરી કાર્યવાહી તાકીદે હાથ ધરી માગ્યા મુજબની માહીતી પણ મોકલી આપવા વિનંતી છે.

વધુમાં સામાન્ય વહીવટ વિભાગના ઉકત તા.૧૧-૮-૧૪ના પત્રના ફકરા-૪, ૫, ૬ અને ૭ ને લક્ષમાં લઇઆપની કચેરીએ સબંધીત મંજુર કરાયેલ સેવાઓ બાબતમાં આગળની કાર્યવાહી હાથ ધરવા અત્રે ખાસ એ સ્પષ્ટ કરવાનું કે આ બાબતે સા.વ.વિભાગ દ્વારા તા. ૧૫-૯-૨૦૧૪ના રોજ બેઠક રાખવામાં આવેલ છે. અને તે પહેલા આ માહિતી સા.વ.વિભાગને પહોચાડવાની હોવાથી ટોચ અગ્રતા આપી માહિતી મોકલવા વિનંતી છે.

બિડાણઃ- ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,
(અનંત પટેલ)
નાયબ સચિવ(સંકલન).
શિક્ષણ વિભાગ.

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/ના.અ./૨૦૧૪-૧૫/૯-૬૨-૨૦૩૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૧૭/૦૯/૨૦૧૪

નકલ રવાના જાણ સારૂ તથા અમલવારી કરવા
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંકઃમાધ્ય/ખ-૩/૨૦૧૪/૬૬૫૯

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
C/o.મોહનદાસ ગાંધી વિદ્યાલય,
**રાજકોટ.તા.૨૧-૧૦-૨૦૧૪**

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી / ગ્રાંટેડ / નોન ગ્રાંટેડ શાળાઓ,
રાજકોટ.

ઉપરોકત પરીપત્રમાં દર્શાવેલ સૂચનાનો બિનચૂક અમલ થવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ જિલ્લો,રાજકોટ